# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૧૨/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ગુજરાતમાંથી એકમાત્ર સુરત શહેરને વોટર પ્લસ સિટીનું બિરૂદ મળતા ચેમ્બરે મ્યુનિ. કમિશનરને અભિનંદન આપ્યા

**સુરત.** વોટર વેસ્ટ મેનેજમેન્ટ, ગંદા પાણીનો ફરી ઉપયોગ અને સ્વચ્છતા બાબતે તકેદારીને લીધે સુરતને વધુ એક ખ્યાતિ મળી છે. કેન્દ્ર સરકારે ગુજરાતના એકમાત્ર સુરત શહેરને વોટર પ્લસ સિટીનો ખિતાબ આપ્યો છે. નવેમ્બર ૨૦૧૯માં ઓપન ડીફિકેશન ફ્રી સિટી સર્ટિફાઇડ થયા બાદ ઉપરોકત દિશામાં કેન્દ્ર સરકારે સુરતની કામગીરી અને આયોજનની રાષ્ટ્રીય સ્તરે નોંધ લીધી છે. ભારત સરકારે ગુજરાતના સુરત શહેરને સ્વચ્છતાની દિશામાં વોટર પ્લસ સિટીનું બિરૂદ આપ્યું હતું.

આથી આજે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ આશિષ ગુજરાતી, ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા, માનદ્ મંત્રી દીપકકુમાર શેઠવાલા અને મેનેજિંગ કમિટીના સભ્ય અમિષ શાહે સુરત મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાનીની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને સુરત શહેરને સ્વચ્છતાની દિશામાં વોટર પ્લસ સિટીનું બિરૂદ મળવા બદલ તેમને અભિનંદન આપ્યું હતું.